Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-17, Issue-1, June-2023

# હિન્દુ અને નાથ સંપ્રદાયના સ્થાપત્યકિય વારસા તરીકે વણઝારી વાવ, મોડાસા

**નિધી સથવારા**
રીસર્ચ સ્કોલર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

***સારાંશ***
*પ્રાચીનકાળમાં તરસ્યાઓને પાણી પાવુ એ પૂર્ણનું કામ કહેવાતું હતુ અને પ્રવાસનના સાધનો પણ ન્હોતા, જેથી લોકો પગપાળા પ્રવાસો ખેડતા હતા. તે સમયે તેઓને પીવા માટેનું પાણી મળી રહે તે માટે સ્થાનિક શ્રેષ્ઠીઓ, શેઠીયાઓ, મંત્રીઓ, રાજા-મહારાજાઓ, રાણીઓ, વગેરે જળસંચયના સ્થાપત્યોનું નિર્માણ કરાવતા હતા. આ જળસ્થાપત્યોમાં તળાવ, ટાંકી, કુંડ, વાવ, વગેરે નો સમાવેશ કરવામાં આવે છે. જળ-સ્થાપત્યોમાં 'વાવ' પાણીના સંગ્રહ માટે તૈયાર કરવામાં આવેલ એક વિશેષ જળ-સ્થાપત્ય છે. પાટણની રાણીની વાવ, અમદાવાદની અડાલજની વાવ, ચાંપાનેરની વાવ, વગેરે વાવ વિશે જગત આખુ જાણે છે, પણ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતી આવેલી ઐતિહાસિક વણઝારી વાવનું અધ્યયન કરવુ અને તેના વિશે જગત આખુ જાગૃત થાય તે માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યુ છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *મોડાસા, વાવ, વણઝારી વાવ, નાથ સંપ્રદાય, કાટખુણી વાવ*

## ૧. પ્રસ્તાવના

ગુજરાતમાં પ્રાચીન સમયથી અનેક શાસન કર્તાઓ રાજ કરી ગયા છે અને દરેકના સમયમાં આવા અનેક સ્મારકો તેમણે બંધાવ્યા છે તેમાં ઘણા શાસન કર્તાઓ એ પ્રજાનાં સુખ સારૂ અને પોતાની યાદગીરી માટે વાવ બંધાવી છે ઉપરાંત ઘણા વેપારીઓ તેમજ વણઝારાઓ તરફથી પણ વાવ બંધાવવામાં આવી છે[૧]. સુપ્રસિદ્ધ ઈતિહાસકાર ડો. કુમારપાળ પરમાર, વાવની વર્તમાન સ્થિતિનું વર્ણન કરતા નોંધે છે.

भारत में शिल्प परंपरा धार्मिक मान्यताओ, आम जनता की स्थानिय आवश्यकताओ पर केन्द्रित है[2] ।

મોડાસા એ વિશ્વ વિખ્યાત ગુજરાત રાજ્યના અરવલ્લી જિલ્લામાં આવેલું એક નગર અને નગરપાલિકા છે. મોડાસાનું નામ ભીલ સરદાર માલાજી ભીલના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જેમણે ૧૪૬૬ દરમિયાન મોડાસામાં શાસન કર્યું હતું. જે ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ જાહેર કરવામાં આવેલ નવો જિલ્લો અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક બન્યું. આ મોડાસમાં આવેલ વણઝારી વાવમાં મૌજુદ શિલ્પો અને અન્યનું ઐતિહાસિક સંશોધન મહત્વના સાધન એવા ક્ષેત્રકાર્ય અને નિરિક્ષણ દ્વારા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યુ છે.

## ૨. વાવનો અર્થ

હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે હિન્દુ સ્થાપત્ય કૂવો છે, પણ વાવ તેના કરતા અલગ છે, તેના માટે વાપીકા શબ્દ છે. સંસ્કૃતમાં તેના માટે 'વાપી' નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને માતૃભાષા ગુજરાતીમાં વાવ કહેવામાં આવે છે અને જો તે સાઈઝના હિસાબે નાની હોય તો 'વાવડી'. વાવ માટે અંગ્રેજી શબ્દ છે - સ્ટેપવેલ જેનો અર્થ થાય છે 'પગથીયાવાળો કૂવો'. આવા પગથીયાવાળા કુવાઓ સમગ્ર વિશ્વમાં ગુજરાત અને રાજસ્તાન પાસે સૌથી વધુ છે[3].

## ૩. સંશોધનના હેતુઓ

- ઐતિહાસિક જળ-સ્થાપત્ય તરીકે વાવ સ્થાપત્યને ઉજાગર કરવું.
- મોડાસાની વણઝારી વાવની ઐતિહાસિકતા બહાર લાવવી.
- વાવમાં આવેલ સ્થાપત્યો, શિલ્પો, રચના, મૂર્તિઓ, વગેરે નો ઐતિહાસિક દ્રષ્ટિકોણથી અધ્યયન કરવુ.

**૪. નિર્માણ, સ્થાન અને નામકરણ**

અમદાવાદ-મોડાસા રોડ પર મોડાસા બસ સ્ટેશનથી લગભગ ૮ મિનિટના અંતરે ઉત્તરમાં પોલીસ સ્ટેશનને ડાબે ખાંચામાં વણઝારી નામે વાવ આવેલી છે. શરૂઆતથી જ આ વાવને સ્થાનિકો દ્વારા વણઝારી નામથી ઓળખવામાં આવે છે અને સ્થાનિકોની માન્યતા પ્રમાણે ઈ.સ. ૧૫મી સદીમાં વણઝારાઓ દ્વારા આ નિર્માણ કરવામાં આવ્યુ હતું જેથી તેને વણઝારી વાવ કહેવામાં આવે છે. વાવમાંના શિલ્પમાં નાથ સંપ્રદાયના ઠોસ પુરાવાઓ મળી રહે છે, તેથી આ વાવ નાથ સંપ્રદાય સાથે જોડાયેલ વ્યક્તિ વિશેષ દ્વારા નિર્માણ કરવામાં આવ્યુ હશે તેમ માનવામાં અતિશયોક્તિ નથી.

**૫. વાવનો પ્રકાર અને દિશા**

સ્થાપત્યકલા અને હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે વાવને મુખ્ય ચાર ભાગમાં વહેવામાં આવેલી છે. ૧. નંદાઃ એક મુખી વાવ, ૨. ભદ્રાઃ દ્વિમુખી વાવ, ૩. જયાઃ ત્રિમુખી વાવ અને ૪. વિજયાઃ ચાર મુખી વાવ. એટલે કે વાવના પ્રવેશદ્વારને આધારે આમ કરવામાં આવ્યું છે[૪]. તેમજ, વિશ્વ વિખ્યાત ઈતિહાસકારો, પુરાતત્વવિદ્દો, આર્કિટેક્ટ્સ એ વાવોને અન્ય પ્રકારોમાં વહેંચી છે. જેમાં સપ્તમુખી વાવ, કાટખુણી વાવ, હેલીકલ વાવ, ભમતીવાળી વાવ, કુંડ વાવ અને ભમ્મરીયો કૂવો[૫].

મોડાસાની વણઝારી વાવ એ નંદા પ્રકારની એટલે કે એક પ્રવેશદ્વારવાળી અને કાટખુણી વાવ છે અને હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે મંદિરનું મુખ પૂર્વ દિશામાં અથવા તો ઉત્તર દિશામાં રાખવામાં આવે છે. આ સિદ્ધાંત પ્રમાણે વણઝારી વાવમાં કૂવાનું મુખ પણ ઉત્તર દિશાએ જોવા મળે છે.

**૬. વણઝારી વાવ અને શિલ્પ**

યોગવિદ્યાપરક પાશુપત શૈવ સિદ્ધાંતમાં માનતા યોગીઓનો સંપ્રદાય. નાથ એટલે જગતના રક્ષક કે સ્વામી યોગેશ્વર શિવ. વળી, નાથ સંપ્રદાયની વિચારધારાનો ઉલ્લેખ પતંજલિ ઈ.સ. પૂર્વ બીજી સદીમાં કરતા હોવાથી નાથ સંપ્રદાય ઘણો પ્રાચીન ગણાય છે. નાથ સંપ્રદાયના વિકાસમાં ખાસ મત્સ્યેન્દ્રનાથ, ગોરક્ષનાથ, જાલંધરનાથ અને કૃષ્ણપાદનો અગત્યનો ફાળો માનવામાં આવે છે. નાથ સંપ્રદાય આઠ દિશામાં આઠ અને વચ્ચે કેન્દ્રમાં આદિનાથ અર્થાત્ શિવ એમ નવ નાથોને માને છે[૬].

વણઝારી વાવમાં સ્થાપિત કરવામાં આવેલ શિલ્પમાં હિન્દુ અને નાથ સંપ્રદાયના શિલ્પો મહત્વના છે, જે નીચે મુજબ છે.

- **નવનાથઃ** વાવના કૂપના પ્રવેશ દ્વારાના દિવાલ પરના એક પિલ્લર પર નવનાથ (૧) ગોરક્ષનાથ, (૨) જાલંધરનાથ, (૩) નાગાર્જુન, (૪) સહસ્રાર્જુન, (૫) દત્તાત્રેય, (૬) દેવદત્ત, (૭) જડભરત, (૮) મત્સ્યેન્દ્રનાથ અને (૯) આદિનાથ અર્થાત્ શિવનો સમાવેશ થાય છે. તંત્રશાસ્ત્ર મુજબ નવ નાથોમાં (૧) આદિનાથ, (૨) એકનાથ, (૩) મત્સ્યેન્દ્રનાથ, (૪) ઉદયનાથ, (૫) દંડનાથ, (૬) સત્યનાથ, (૭) સંતોષનાથ, (૮) કૂર્મનાથ અને (૯) જાલંધરનાથનું શિલ્પ નોંધપાત્ર છે[૭].
- **નવગ્રહઃ** નવનાથનું શિલ્પ જે પિલ્લર પર આપવામાં આવ્યુ છે, જેમાં નવગ્રહોને સ્થાપિત કરવામાં આવ્યા છે જેમાં રાશિચક્રમાં સ્થિર તારાઓની પૃષ્ઠભૂમિના સંદર્ભમાં તમામ નવગ્રહો સાપેક્ષ ગતિ ધરાવે છે. તેમાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ, સૂર્ય, ચંદ્ર ઉપરાંત અવકાશમાં સ્થાપિત પદાર્થો, રાહુ અને કેતુનો સમાવેશ થાય છે, જે હિન્દુ વાસ્તુશાસ્ત્રના ઉદાહરણ પુરુ પાડે છે.
- **નાગનાથઃ** ઉપરોક્ત નવનાથની યાદીમાંથી ત્રીજા ક્રમે આવતા નાગાર્જુનને નાગનાથ તરીકે પણ ઓળખાવામાં આવે છે. વાવના પ્રવેશદ્વારની ડાબી દિવાલ પર સ્થાપિત નાગનાથના શિલ્પમાં તેમના માથે શેષનાગ જોવા મળે છે અને તે આસન પર બિરાજમાન છે.
- **સપ્તર્ષિઃ** વાવમાં ૩+૪ પિલ્લર એક તરફ અને ૩+૪ પિલ્લર બીજી તરફ એક કુલ ૧૪ પિલ્લરો નિર્મિત કરવામાં આવ્યા છે, આ પિલ્લર પર ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, ફેકડા, અત્રિ, અંગિરા, વસિષ્ઠ, મિઝાર અને મરીચિ એમ સપ્તર્ષિઓ સ્થાપિત કરેલા જોવા મળે છે. ઉપરાંત અન્ય

પિલ્લર પર વરાહ, હનુમાન, વરૂણ, વગેરે હિન્દુ દેવતાઓ અને અન્ય સંગીતકારોના શિલ્પ વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે.

- **શેષશાયી વિષ્ણુ:** વાવના કાટખુણે નીચેની તરફ શેષનાગ પર ઊંઘેલ વિષ્ણુની પ્રતિમા અંકિત છે, જે वसति विष्वेषु च अनुषु च इति विष्णु શ્લોકની યાદ અપાવે છે[૮].
- **રામ, લક્ષ્મણ અને સીતા:** વાવમાં પ્રવેશ કરતા નાગનાથની પ્રતિમાની પાસેની દિવાલ પર કલાત્મક ગવાક્ષ જોવા મળે છે, જેમાં હિન્દુ દેવી-દેવતા રામ, લક્ષ્મણ અને સીતાજીનું શિલ્પ અંકિત કરવામાં આવ્યુ છે. લક્ષ્મણને શેષનાગનો અવતાર માનવામાં આવે છે, અને નાથ સંપ્રદાયમાં તેમને રામના અંશ માનવામાં આવે છે[૯].
- **કામધેનુ:** રામ, લક્ષ્મણ અને સીતાજીના શિલ્પની બાજુની દિવાલ પર અને શેષશાયી વિષ્ણુના ઉપરના ભાગમાં કામધેનુ અને અન્ય દેવીઓનું શિલ્પ અંકિત છે. હિંદુ ધર્મમાં કામધેનુ એક દેવી છે જેનું સ્વરૂપ ગાયનું છે. તેને 'સુરભી' પણ કહેવામાં આવે છે. જેની પાસે કામધેનુ હોય છે તે જે ઈચ્છે તે તેને મળે છે, તેનું દ્યોતક છે[૧૦].
- **અન્ય શિલ્પો:** શેષશાયી વિષ્ણુની બાજુમાં એક ગવાક્ષ છે, તેમાં પણ ઊંભા દેવી-દેવતાનું શિલ્પ છે. ખંડિત અવસ્થામાં હોવાથી તેને ઓળખવું મુશ્કેલ છે તથા કૂપમાં વજનવાહકો જોવા મળે છે.

## ૭. ઉપસંહાર

અરવલ્લી જિલ્લાના મોડાસમાં આવેલી વણઝારી વાવ આર્કીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા રક્ષિત કરવામાં આવી છે, કેમ કે નાથ સંપ્રદાય અને હિન્દુ દેવી-દેવતાના અદ્દભૂત અને કલાત્મક શિલ્પોરૂપે ઠોસ પુરાવાઓ સમગ્ર ગુજરાતમાંથી વણઝારી વાવ ખાતેથી મળી આવે છે, જે ભારતીય સ્થાપત્યકિય વારસાને ઉજાગર કરનારુ જણાય છે.

### સંદર્ભસૂચિ


૧. Pandya, Sumanben and Kumarpal Parmar (2019), Stepwell: Archictural Tresure of Gujarat A Guidebook, Ahmedabad: Historical and Cultural Research Center: 5

૨. પરમાર, કુમારપાળ (૨૦૨૨), "વાવ સ્થાપત્યમાંના શિલ્પો", કસુંબો (ઇ-મેગેઝીન): ૮ (માર્ચ-૨૦૨૨), અમદાવાદ: રૈન્બો ફોર્સ ફાઉન્ડેશન: ૫-૮

૩. પંડ્યા, સુમનબેન (૨૦૧૯), વાવોના અભ્યાસની માર્ગદર્શિકા, અમદાવાદ: નવગુજરાત પ્રકાશન: ૨૧-૨૨

૪. ઠાકર, કપિલ (૨૦૦૭), બનાસકાંઠા જિલ્લાની વાવનું ઐતિહાસિક અધ્યયન, અમદાવાદ: ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ: ૫૨-૫૬

૫. પરમાર, કુમારપાળ (૨૦૨૨), "વાવ: એક સ્થાપત્ય કોહિનુર", કસુંબો (ઇ-મેગેઝીન): ૭ (ફેબ્રુઆરી-૨૦૨૨), અમદાવાદ: રૈન્બો ફોર્સ ફાઉન્ડેશન: ૧-૪

૬. Sarde, Vijay (2023), The Archaeology of the Natha Sampradaya in Western India, 12th to 15th CE, UK: Routledge: 124-127

૭. Ibid: 168-178

૮. Ibid: 69-71

૯. Parmar, Kumarpal (2023), વણઝારી વાવ, મોડાસા, અરવલ્લી_Vanjhari/Vanzari Vav, Modasa, Arvalli, 15-05-2023 retrieval from https://www.youtube.com/watch?v=w0PV7NnG5Xo

૧૦. Ibid: 5:36-6:07